દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૪ માર્ચ, ૨૦૨૬

# તહેવારોના ટાણે પ્રવાસની અંધાધૂંધી અને તોતિંગ ટિકિટ ભાડા

ભારતીય સંસ્કૃતિમાં હોળી અને ધૂળેટીના પર્વનું અનેરું માહાત્મ્ય છે. આ એવો તહેવાર છે જે વિખૂટા પડેલા સ્વજનોને ફરી એકવાર ઘરના આંગણે ભેગા કરે છે. ખાસ કરીને ઉત્તર ભારત અને પશ્ચિમ ભારતમાં હોળીનું મહત્વ દિવાળી કરતા પણ સહેજ વધુ આંકવામાં આવે છે. પરંતુ, દર વર્ષની જેમ આ વર્ષે પણ હોળીના પર્વે વતન જવા ઈચ્છતા મુસાફરો માટે મુસાફરી 'રંગમાં ભંગ' સમાન બની રહી . ટ્રેન, બસ કે હવાઈ મુસાફરી - દરેક માધ્યમમાં અત્યારે ભીડ અને મોંઘવારીએ માજા મૂકી છે, જે સામાન્ય નાગરિક અને ખાસ કરીને પરપ્રાંતીય શ્રમિકોના ખિસ્સા પર સીધો પ્રહાર છે.

આ ભીડ પાછળનું સૌથી મોટું અને સંવેદનશીલ પાસું છે 'માઇગ્રન્ટ કામદારો'નો વતન તરફનો ધસારો. ગુજરાતના સુરત, અમદાવાદ, વાપી અને અંકલેશ્વર જેવા ઔદ્યોગિક શહેરોમાં લાખો શ્રમિકો ઉત્તર પ્રદેશ, બિહાર, ઓડિશા અને રાજસ્થાનથી આવીને વસ્યા છે. આ શ્રમિકો આખું વર્ષ પરસેવો પાડીને જે કમાણી કરે છે, તેનો મોટો હિસ્સો તેઓ હોળીના તહેવારમાં ઘરે જઈને પરિવાર સાથે ઉજવવા માંગતા હોય છે. સુરતના ટેક્સટાઇલ માર્કેટ હોય કે હીરા ઉદ્યોગ, હોળીના ૧૦ દિવસ અગાઉથી જ કારખાનાઓમાં કામદારોની પાંખી હાજરી વર્તાવા લાગે છે. રેલવે સ્ટેશનો પર હજારોની સંખ્યામાં પોટલાં અને સામાન સાથે ઉભેલા આ શ્રમિકોના ચહેરા પર વતન જવાની ખુશી તો હોય છે, પણ મુસાફરીની હાલાકીના ભયની લકીરો પણ સ્પષ્ટ દેખાય છે.

સૌ પ્રથમ જો રેલવેની વાત કરીએ તો, ભારતીય રેલવે મધ્યમ અને ગરીબ વર્ગ માટે જીવાદોરી સમાન છે. પરંતુ હોળી જેવા મોટા તહેવારોમાં આ દોરી ટૂંકી પડતી દેખાય છે. મુંબઈ, દિલ્હી અને સુરતથી પૂર્વાંચલ તરફ જતી ટ્રેનોમાં મહિનાઓ અગાઉથી ટિકિટો ફૂલ થઈ ગઈ . સ્થિતિ એવી ગંભીર બની કે સ્લીપર અને ઈકોનોમી ક્લાસમાં વેઈટિંગ લિસ્ટ ૫૦૦ કે ૬૦૦ને પાર કરી ગયું. સરકાર 'હોળી સ્પેશિયલ' ટ્રેનો દોડાવવાની જાહેરાત તો કરે છે, પરંતુ મુસાફરોની લાખોની સંખ્યાના પ્રમાણમાં તે સમુદ્રમાં બિંદુ સમાન સાબિત થાય છે. જનરલ કોચની હાલત તો વર્ણવી ન શકાય તેવી હોય છે; જ્યાં ક્ષમતા કરતા ત્રણ ગણા લોકો જીવના જોખમે, શૌચાલય પાસે ઊભા રહીને કે સામાન રાખવાની બર્થ પર ચડીને ૨૪-૨૪ કલાકની મુસાફરી કરવા મજબૂર બને છે. આ દ્રશ્યો જોઈને પ્રશ્ન થાય છે કે આધુનિક ભારતમાં શું શ્રમિકો માટે સન્માનજનક મુસાફરી હજુ પણ એક સ્વપ્ન જ છે?

રેલવેમાં ટિકિટ ન મળતા મુસાફરો જ્યારે ખાનગી બસો તરફ વળે છે, ત્યારે ત્યાં પણ 'તક જોઈને તરાપ' મારવાની નીતિ જોવા મળે છે. ખાનગી ટ્રાવેલ્સ સંચાલકોએ હોળીના ટાણે ભાડામાં બમણો કે ત્રણ ગણો વધારો ઝીંકી દીધો છે. જે રૂટનું નિયમિત ભાડું ૮૦૦ કે ૧૦૦૦ રૂપિયા હોય, તેના અત્યારે ૨૫૦૦ થી ૩૦૦૦ રૂપિયા વસૂલવામાં આવી રહ્યા છે. આ એક પ્રકારની સંગઠિત લૂંટ છે. શ્રમિકો કે જેઓ દિવસના માંડ ૪૦૦-૫૦૦ રૂપિયા કમાતા હોય, તેમણે પોતાના વતન જવા માટે પાંચ-સાત દિવસની મજૂરી માત્ર એક તરફની ટિકિટમાં ખર્ચી નાખવી પડે છે. પરિવહન વિભાગના નિયમો માત્ર કાગળ પર રહી જતા હોય તેવું લાગે છે, કારણ કે મજબૂર મુસાફર પાસે વધુ નાણાં ચૂકવવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી.

સૌથી વધુ ચોંકાવનારી અને ચિંતાજનક સ્થિતિ હવાઈ મુસાફરીમાં જોવા મળી રહી છે. સામાન્ય રીતે જે મધ્યમ વર્ગ કે વ્યવસાયી લોકો સમય બચાવવા વિમાનનો સહારો લે છે, તેમને આ વખતે 'આસમાની' ભાડાનો સામનો કરવો પડી રહ્યો છે. હોળીના સપ્તાહ દરમિયાન મુખ્ય શહેરો વચ્ચેના હવાઈ ભાડામાં ૨૦૦% થી ૩૦૦% સુધીનો તોતિંગ વધારો થયો છે. એરલાઈન્સ કંપનીઓ દ્વારા અપનાવવામાં આવતી 'ડાયનેમિક પ્રાઈસિંગ' નીતિ તહેવારોના સમયે સામાન્ય નાગરિકો માટે લૂંટ સમાન બની ગઈ છે. છેલ્લા ઘડીએ અમદાવાદથી દિલ્હી કે પટનાની ટિકિટ બુક કરાવવી હોય તો વ્યક્તિએ ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦ રૂપિયા સુધીની રકમ ચૂકવવી પડે છે. જે ટિકિટ સામાન્ય દિવસોમાં ૪,૦૦૦ માં મળતી હોય, તે તહેવારના નામે આટલી મોંઘી કરી દેવી એ અનૈતિક છે. સરકાર એક તરફ 'ઉડાન' જેવી યોજનાઓ દ્વારા સામાન્ય માણસને હવાઈ મુસાફરી સસ્તી બનાવવાની વાતો કરે છે, પણ જ્યારે ખરેખર જરૂર હોય ત્યારે એરલાઈન્સ કંપનીઓ પર કોઈ અંકુશ હોતો નથી.

આ મુસાફરીની ભીડમાં સુરક્ષા અને સ્વાસ્થ્યના પ્રશ્નો પણ જોડાયેલા છે. સ્ટેશનો અને બસ પોર્ટ પર પગ મૂકવાની જગ્યા હોતી નથી, જેના કારણે અકસ્માત કે નાસભાગ થવાની ભીતિ સતત રહે છે. પીવાના પાણી અને શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ પણ આ અતિશય ભીડ સામે ટૂંકી પડે છે. તંત્ર દ્વારા માત્ર વધારાની ટ્રેનો કે બસોની જાહેરાત પૂરતી નથી, પરંતુ તેનું સુચારુ સંચાલન અને ગ્રાહક હિતોનું રક્ષણ પણ એટલું જ અનિવાર્ય છે.

તહેવાર એ ખુશીનો અવસર છે, કોઈની મજબૂરીનો ફાયદો ઉઠાવવાનો ધંધો નહીં. જો દેશના અર્થતંત્રના પૈડાં ફેરવનારા શ્રમિકો અને સામાન્ય નાગરિકોને પોતાના ઘરે પહોંચવા માટે આટલી માનસિક, શારીરિક અને આર્થિક યાતના ભોગવવી પડતી હોય, તો એ વ્યવસ્થાની નિષ્ફળતા ગણાય. રાજ્ય સરકારોએ એસ.ટી. નિગમ દ્વારા મહત્તમ વધારાની બસો દોડાવવી જોઈએ જેથી ખાનગી લૂંટ પર લગામ લાવી શકાય. સાથે જ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે તહેવારો દરમિયાન વિમાન ભાડાની એક ચોક્કસ ટોચમર્યાદા (Price Cap) નક્કી કરવી જોઈએ જેથી મધ્યમ વર્ગને આર્થિક ફટકો ન પડે. હોળી એ પ્રેમ, ઉલ્લાસ અને એકતાનું પ્રતીક છે. આ તહેવારમાં જ્યારે અબાલ-વૃદ્ધ સૌ કોઈ રંગે રમતા હોય, ત્યારે મુસાફરીની આ કડવાશ આ ઉત્સાહને ઓછો કરે છે. આશા રાખીએ કે આવનારા વર્ષોમાં પરિવહન વ્યવસ્થા એટલી સજ્જ બને કે કોઈ પણ વ્યક્તિએ પોતાના વતન જવા માટે ખિસ્સા ખાલી ન કરવા પડે કે જીવના જોખમે મુસાફરી ન કરવી પડે. આયોજન માત્ર કાગળ પર નહીં, પણ સ્ટેશનો અને રસ્તાઓ પર દેખાવું જોઈએ, જેથી સામાન્ય માણસની હોળી ખરેખર 'રંગીન' બની રહે.

## મન અને મગજ એક લોહચુંબક

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક ભૌતિક શાસ્ત્રના પ્રોફેસર અને વૈજ્ઞાનિક હતા. ભૌતિક શાસ્ત્રને લગતા વિવિધ પ્રયોગો કરતા પ્રોફેસરનો એક વિદ્યાર્થી હતો, જે તેમની પાસે માર્ગદર્શન મેળવવા આવતો અને પ્રોફેસરને પ્રયોગ કરવામાં પણ મદદ કરતો, પ્રયોગશાળાની સાફ સફાઈ પણ કરતો. વિદ્યાર્થી હોશિયાર અને મહેનતુ હતો પણ તેનામાં એક ખામી હતી તે વધુ પડતું નકારાત્મક વિચારતો. તેને સતત નકારાત્મક વિચારતા વિચારો આવતા. પરીક્ષા નજીક આવે તો પૂરેપૂરી તૈયારી કરી હોવા છતાં વિદ્યાર્થી વિચારતો... 'અરે પેપર અઘરું આવ્યું તો શું થશે?' 'મને પ્રશ્નોના જવાબ નહીં આવડે તો શું થશે?' 'હું ભૂલી જઈશ તો શું થશે?' 'હું નાપાસ થઈશ તો શું થશે?' 'મારું પેપર પૂરું નહીં થાય તો શું થશે?' વિદ્યાર્થી પોતાનો આ ડર પ્રોફેસરને કહેતો અને પ્રોફેસર હંમેશા કહેતા 'આમ ન વિચાર...મહેનત કર.' અને આટલું કહી ફરી પ્રયોગમાં લાગી જતા. કોઈ નવો પ્રયોગ કરી રહ્યા હોય ત્યારે બધી તૈયારી કર્યા બાદ એ વિદ્યાર્થી પ્રોફેસરને અચૂક પૂછતો કે 'સર, પ્રયોગ સફળ તો થશે ને કોઈ ભૂલ તો નહીં થાય ને પ્રયોગ નિષ્ફળ તો નહીં જાય ને??' પ્રોફેસર હંમેશા એટલું જ કહેતા 'આમ ન વિચાર પ્રયોગમાં ધ્યાન આપ.' એક દિવસ વિદ્યાર્થી લોહચુંબક અને તેના પ્રયોગો વિશે અમુક પ્રશ્નો લઈને પ્રોફેસર પાસે આવ્યો. પ્રોફેસરએ તેને લોહચુંબક અને તેના નિયમો તેની ખાસિયતો અને તેના પ્રયોગો વિશે બરાબર સમજાવ્યું. ભૌતિક શાસ્ત્રનો પૂરો પાઠ સમજાવ્યા બાદ પ્રોફેસરએ ખાસ હાથ પકડીને વિદ્યાર્થીને પોતાની પાસે બેસાડ્યો અને પૂછ્યું, 'તને લોહચુંબક વિશે બરાબર સમજાયું?' વિદ્યાર્થીને નવાઈ લાગી પ્રોફેસર રોજ સમજાવતા છતાં ક્યારેય આમ ખાસ પ્રશ્ન પૂછતા નહીં. આશ્ચર્ય સાથે વિદ્યાર્થીએ જવાબ આપ્યો, 'હા સર તમે તો સરસ જ સમજાવો છો ને હું બધું સમજી ગયો.' પ્રોફેસરે કહ્યું, 'હજી એકદમ મહત્વની વાત મારે તને આજે સમજાવવાની બાકી છે. સમજ અને ખાસ યાદ રાખજે કે આપણું મન અને મગજ પણ એક લોહચુંબક છે આપણે મનને મગજથી જે વિચારીએ છીએ તેવું જ તેની તરફ આકર્ષાય છે. તું નકારાત્મક વિચારીશ તો નકારાત્મક પરિણામ આકર્ષાઈને તારી પાસે આવશે. તું મુશ્કેલીઓ વિચારીશ તો મુશ્કેલીઓ આવશે. તું તકલીફો વિશે વિચારીશ તો તકલીફો આવશે માટે લોચુંબક જેવા મન મગજને કેળવ મન અને મગજથી હંમેશા હકારાત્મક સારા પરિણામ અને આશીર્વાદ વિશે વિચાર તો હકારાત્મકતા સારા પરિણામ અને ઈશ્વર કૃપા આકર્ષાઈને તારી પાસે આવશે.' પ્રોફેસરે વિદ્યાર્થીને જીવનની સાચી સમજ આપી.

# ઈરાનનો સંઘર્ષ: અમેરિકા અને ઈઝરાયેલ માટે આ લડાઈ સરળ નથી

યુએસ અને ઈઝરાયેલી દળોએ ૨૮ ફેબ્રુઆરીની સવારે ઈરાની નેતૃત્વ અને સૈન્ય સ્થળોને નિશાન બનાવીને સંકલિત હુમલા શરૂ કર્યા હતા. જોકે, આયાતુલ્લાહ અલી ખામેનીના મૃત્યુ પછી પણ ઈરાને શરણાગતિના કોઈ સંકેત દર્શાવ્યા નથી. તે તેના વળતા હુમલાઓ કરવામાં અવિરત વ્યસ્ત છે, જેનાથી સમગ્ર મધ્ય પૂર્વમાં આગ ફેલાઈ છે. ઈરાન એવું છે જે પોતાના અસ્તિત્વ માટે લડી રહ્યું છે, જેનો અર્થ છે કે, સંઘર્ષમાં તેની પાસે ઘણા મોટા દાવ છે અને પરિણામે જ્યાં સુધી યુએસ પીછેહઠ ન કરે ત્યાં સુધી હુમલા ચાલુ રાખવા માટે તેની પાસે વધુ તકો છે. ટ્રમ્પ અને ઈઝરાયેલ દ્વારા ઈચ્છિત સત્તાપલટો થયો નથી. એક વરિષ્ઠ મૌલવી આયાતુલ્લાહ આરાફીને વચગાળાના સુપ્રીમ લીડર તરીકે નામિત કરવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે, જૂન ૨૦૨૫માં ૧૨-દિવસીય યુદ્ધ દરમિયાન, યુએસ અને ઈઝરાયેલી બોમ્બ ધડાકાઓમાં જનરલો અને વૈજ્ઞાનિકો માર્યા ગયા હતા, છતાં ઈરાને તેની ક્ષમતાઓ ફરીથી બનાવી અને પ્રોક્સી પ્રવૃત્તિઓ ચાલુ રાખી. ડિસેમ્બર ૨૦૨૫માં ઈરાનમાં આયાતુલ્લાહ શાસન વિરુદ્ધ જીવલેણ વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા. ઈઝરાયેલનું માનવું હતું કે, શાસન અશાંતિ પર કડક કાર્યવાહી કરીને તેના નિયંત્રણને મજબૂત કરી રહ્યું છે. ટ્રમ્પનું માનવું હતું કે, વિરોધ પ્રદર્શનો વધીને સિસ્ટમને ઉથલાવી દેશે. અત્યારે પણ ખામેની ગયા પછી શાસનની બહાર કોઈ સ્પષ્ટ ઉત્તરાધિકારી નથી. મૌલવી શાસન સામે ઊંડો રોષ છે. શું એવું છે કે ઈરાની લોકોએ જોયું છે કે, યુએસના હસ્તક્ષેપ પછી તેમના પડોશમાં શું થયું છે અને તેઓ સમજે છે કે સરકાર ન હોવા કરતાં સરમુખત્યારશાહી સરકાર વધુ સારી છે? અત્યાર સુધી યુએસ અને ઈઝરાયેલના સંયુક્ત હુમલાઓમાં શંકાસ્પદ પરમાણુ સ્થળોને નિશાન બનાવવા ઉપરાંત, ટોચના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી) કમાન્ડરો, આર્મી ચીફ ઓફ સ્ટાફ, અબ્દુલ રહીમ મુસવી અને સંરક્ષણ પ્રધાન અઝીઝ નાસીરઝાદે માર્યા ગયા છે. ઈરાને ઈઝરાયેલી શહેરો અને ગલ્ફ ક્ષેત્રમાં ૧૪ યુએસ બેઝ પર મિસાઈલનો મારો ચલાવીને તીવ્ર વળતો જવાબ આપ્યો છે. હવે એવું લાગે છે કે આ યુદ્ધ મહિનાઓ, કદાચ વર્ષો સુધી ખેંચાશે.

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

### ઈરાન-અમેરિકા સંઘર્ષ: અસ્તિત્વની લડાઈ અને વૈશ્વિક તેલ પુરવઠા પર તેની અસર

ઘણા નિરીક્ષકોએ ઈરાની પરિસ્થિતિની તુલના ૨૦૦૦ના દાયકાની શરૂઆતના ઈરાક સંઘર્ષ સાથે કરી છે. સિવાય કે ઈરાનનું માળખું અને મજબૂતી તેને તે સમયના ઈરાકથી ખૂબ અલગ બનાવે છે. આપણે યાદ રાખવું જોઈએ કે, ઈરાન એક પ્રાચીન સંસ્કૃતિ છે. તેણે ભૂતકાળમાં ઘણા ઘેરાબંધી અને વિરોધ પ્રદર્શનો સહન કર્યા છે અને ઐતિહાસિક રીતે ઘૂંટણિયે પડવાનો ઈનકાર કર્યો છે. ભારતને શું ચિંતા છે? સંભવિત કટોકટીના કિસ્સામાં ભારત તેના તેલ ભંડારની ગણતરી કરી રહ્યું છે. ઈરાનના સરકારી મીડિયાએ જણાવ્યું છે કે, તેણે હોર્મુઝની સામુદ્રધુની બંધ કરી દીધી છે, જે વૈશ્વિક તેલ અને ગેસ પુરવઠાના પાંચમા ભાગ માટેનું પરિવહન બિંદુ છે. મોટી વૈશ્વિક શિપિંગ લાઈનોએ જળમાર્ગ દ્વારા પરિવહન સ્થગિત કરી દીધું છે, અને રવિવારે ઓમાન નજીકથી પસાર થતા એક ઓઈલ ટેન્કર પર મિસાઈલ હુમલો થયો. ભારતની લગભગ ૫૦% ક્રૂડ આયાત - દરરોજ લગભગ ૨.૬ મિલિયન બેરલ - હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થાય છે. કોઈપણ વિક્ષેપ આયાત બિલમાં વધારો કરી શકે છે, મોંઘવારીમાં વધારો કરી શકે છે, ચાલુ ખાતાની ખાધને વધારી શકે છે અને કેટલાક ક્ષેત્રોમાં માર્જિન પર દબાણ લાવી શકે છે. જોકે, અધિકારીઓનું કહેવું છે કે, ભારતને આ બંધ થવાથી તેલ પુરવઠામાં કોઈ નજીકના ગાળામાં વિક્ષેપ આવવાની શક્યતા નથી. ફેબ્રુઆરીની શરૂઆતમાં તેલ મંત્રી હરદીપ સિંહ પુરીએ રાજ્યસભાને જણાવ્યું હતું કે, ભારતનો વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડાર કોઈપણ વૈશ્વિક ઊથલપાથલથી ઉદ્ભવતી માંગને પહોંચી વળવા માટે ૭૪ દિવસ સુધી ટકી શકે છે. જો યુએસ, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ લાંબા સમય સુધી ચાલુ રહે છે તો 'ભારતે ક્રૂડ ઓઈલના વધતા ભાવના દબાણને ઘટાડવા માટે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની આયાત વધારવી જોઈએ.' જો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ 1 યુએસ ડૉલર વધે છે તો ભારતનો તેલ આયાત ખર્ચ 1.4 અબજ યુએસ ડૉલર વધી શકે છે. ગેસના ભાવમાં પણ વધારો થશે. કારણ કે, ભારત તેની ગેસની જરૂરિયાતના આશરે ૫૦% આયાત કરે છે. ભારત યુએસને સમજાવવાનો પ્રયાસ કરી શકે છે કે, યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થઈ રહ્યો છે. ભારત તેની ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા રશિયા પાસેથી વધુ ક્રૂડ ઓઈલ આયાત કરવા માટે મજબૂર બન્યું છે.

-આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# વિદ્યાર્થીઓનું જીવન અગત્યનું છે, પરીક્ષા નહીં

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

> પ્રવર્તમાન શિક્ષણ મર્યાદાઓ અને વધતી જતી સામાજિક અપેક્ષાઓ વચ્ચે પીસાતાં વિદ્યાર્થીઓને આખું વર્ષ શું હોવું જોઈએ તેનાં દશ્યો દેખાડવાના બદલે હવે મા-બાપ અને શિક્ષકોએ ઉપનિષદ કહે છે તેમ ધર્મસાધનના માધ્યમ તરીકે બાળશરીરને જે - તે સ્થિતિમાં સ્વીકારવું જોઈએ

બોર્ડની પરીક્ષાઓ નજીક આવતી જાય, તેમ તેમ ધોરણ - ૧૦ અને ૧૨નાં વિદ્યાર્થીઓ ઉપર દબાણ વધતું જાય છે. આજથી ૨૮-૩૦ વર્ષ પહેલાં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ વેઠનાર મા-બાપને તાજેતરનાં ગણિત - વિજ્ઞાનમાં ઝાઝી સમજ પડતી નથી અને અંગ્રેજી માધ્યમનાં શિક્ષણથી તેઓ અળગાં રહ્યાં હોવાથી છેવટે પોતાનું બાળક સતત ભણ ભણ કરે તે માટે જમાદારી કરતા રહે છે.

પરીક્ષાના દિવસોમાં ઘરમાં ટી.વી. બંધ રહે છે. વિદ્યાર્થીઓનો મોબાઈલ લઈ લેવામાં આવે છે. ભાઈબંધ - દોસ્તાર સાથે માત્ર ભણવાની વાતો સિવાય અવરજવર બંધ કરી દેવામાં આવે છે. ઘરમાં ફરસાણ, આઈસ્ક્રીમ જેવું આનંદી ખાણું તબિયતના નામે બંધ કરવામાં આવે છે. બીજી તરફ અભ્યાસક્રમ પૂરો થઈ જતાં, દીકરા-દીકરીઓને શાળામાં તો જવાનું હોતું નથી, પણ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની પરસ્પરની સરખામણી, નબળાં વિદ્યાર્થીઓનું સતત અપમાન, બોર્ડના પેપરનો ભય, પ્રિલિમ અને એન્યુઅલમાં મળતા માર્કસના તફાવતો - જેવા ખોફ બાળકમાં ધરબી દેવામાં આવે છે.

પરીક્ષાના દિવસે વિદ્યાર્થીએ છેલ્લે શું વાંચવું, કઈ પેનથી લખવું, દહીં સાથે ગોળ ખાવો કે ખાંડ, પરીક્ષાનાં પેપર મળતાં કેટલા ઊંડા શ્વાસ લેવા, સદ્દગુરુનું હાથ જોડી સ્મરણ કરવું, તેમ શું-શું કરવું ને શું નહીં, તે બોજરૂપે બાળકનાં માથે ખડકી દેવામાં આવે છે. પરિણામે પરીક્ષા હોલ સુધી પહોંચતાં - પહોંચતાં બાળક પોતાને હતાશા, નિરાશા અને નિષ્ફળતાનું પ્રતીક માની બેસે છે. દર વરસે જોવા મળે છે તેમ ૫૦%થી વધુ વિદ્યાર્થીઓ સારી આવડત છતાં પરીક્ષા કેન્દ્ર ઉપર સ્વસ્થ રહી શકતાં નથી અને કેટલાંક તો પોતાની જાતને મોતને હવાલે ધરી દે છે.

મનોવિજ્ઞાન તો કહે છે કે 'પરીક્ષાના ભયથી મૃત્યુ વ્હોરી લેતાં વિદ્યાર્થીઓ તેનાં મા-બાપ અને શિક્ષકોની અપેક્ષાઓની જ વરવી બાજુ છે.' પરીક્ષાના ભયથી મૃત્યુ પામતું ભવિષ્ય ચિંતાજનક છે. જો કે ત્રણ કલાકમાં વરસની મહેનતને ઓકી નાખવાની રીત ઉપર આમ નાગરિકો વ્યથિત છે, ક્રોધિત છે. પરંતુ થોડા દિવસ છાપાંઓ, સામાયિકો દ્વારા બૌદ્ધિકો વેદના ઠાલવે છે અને ત્યાં તો ફરી બીજી પરીક્ષા માટે વિદ્યાર્થીને તૈયાર કરવાનો સમય આવી પહોંચે છે.

પ્રવર્તમાન શિક્ષણ મર્યાદાઓ અને વધતી જતી સામાજિક અપેક્ષાઓ વચ્ચે પીસાતાં વિદ્યાર્થીઓને આખું વર્ષ શું હોવું જોઈએ તેનાં દશ્યો દેખાડવાના બદલે હવે મા-બાપ અને શિક્ષકોએ ઉપનિષદ કહે છે તેમ ધર્મસાધનના માધ્યમ તરીકે બાળશરીરને જે - તે સ્થિતિમાં સ્વીકારવું જોઈએ.

વાલીઓ સમજે કે જે પગ બાળકને શાળાએ લઈ જાય છે, જે હાથ અને આંખ વિદ્યાર્થીને શિક્ષણપ્રક્રિયા સાથે જોડે છે, તે અંગો કંઈ પરીક્ષા આપતાં નથી. સવાલોના જવાબ તો મસ્તિષ્કથી થાય છે. પાંચ ઈન્દ્રિયોની જેમ મસ્તિષ્ક એક મર્યાદિત જૈવિક ઉપકરણ છે. આથી જ માનવ-મસ્તિષ્ક પણ એક સીમિત દાયરામાં કાર્ય કરી શકે છે. ન્યુરોસાયન્સની જૈવિક શોધ આધારે પ્રમાણિત થયું છે કે ગણિત મસ્તિષ્કના કોર્ટિજેસ ક્ષેત્રમાં આકાર પામે છે તો ચિત્ર વિટ્રીજેસ ક્ષેત્રમાં જ વિસ્તરે છે. આ જ પ્રમાણે ભાષા, રંગ, સ્વાદને પારખવાના અને વિસ્તારવાનાં ક્ષેત્રો અલગ અલગ છે. માનવ-મસ્તિષ્કની બીજી એક લાક્ષણિકતા એ છે કે, વ્યકિત પોતે જાતે જે શીખે છે તે બાબત તેના દિલોદિમાગમાં મૃત્યુપર્યંત જળવાઈ રહે છે. પ્રાથમિક શાળામાં શીખેલ 011 સાયકલ કે તરવાની કળા કદી ભુલાતી નથી, પણ ધોરણ ૭ માં ગુજરાતીના પ્રશ્નમાં જે કવિતાના આસ્વાદ માટે ૮માંથી ૮ માર્ક મળ્યા હોય તે કવિતા જ આજે યાદ નથી રહી. નિશાળમાં કોઈએ શીખવેલું ટકાઉ નથી. આથી મસ્તિષ્કરૂપી કોમ્પ્યુટર તેની હાર્ડડિસ્કમાંથી ડિલિટ કરી નાખે છે. બીજા દષ્ટિકોણથી જોઈએ તો કૃષિનો આધાર જમીન અને વાતાવરણ છે. આથી જે જમીનમાં સફરજન થાય ત્યાં કાજુ થતાં નથી અને ડુંગળી સાવ જૂદું જ પર્યાવરણ માગે છે. જેનિટિકલ એન્જિનિયરીંગનાં સંશોધનો પ્રતિપાદિત કરે છે કે પ્રત્યેક બાળક પોતાની માતા, તેના માતા-પિતા અને દાદા-દાદી તેમ ૭ વ્યકિત અને પિતાના પક્ષનાં ૭ વ્યકિત તેમ કુલ ૧૪નું પ્રતિનિધિત્વ કરતું હોય છે. યાદ રહે, બાળકોનાં રંગસૂત્ર ઘડનાર ૧૪ વ્યકિતમાંથી જે વિષય કે બાબત અગાઉ ૧૪માં ખીલી ન હોય તે ૧૫મી વ્યકિતમાં વિકસવાનું શકય જ નથી. તમામ શિક્ષકે અને મા-બાપે સમજવું પડે કે, પ્રત્યેક બાળ એક જેનિટિકલ સેટઅપમાં જ વર્તી શકે છે.

શરીરના રસાયણ અનુસાર શિક્ષક અથવા મા-બાપ બાળકને જેમાં મજા આવે છે તે વિષયને મજબૂત કરવામાં મદદરૂપ થાય તે સાચું શિક્ષણ છે. વ્યકિતનો સહજ આનંદ તેનાં રંગસૂત્રોની ગોઠવણીનું પ્રમાણપત્ર બને છે. બાળકના ગર્ભથી લઈ તેની કિશોર અવસ્થા સુધી માતા-પિતા જ બાળકની શાળા બની રહે તે વ્યવસ્થા જ વિજ્ઞાન છે.

શિક્ષક સતત અવલોકન પણ જાણી શકે કે વિદ્યાર્થી કઈ દિશામાં વધુ ખીલે છે. શાળાએ પોતાનું ગાણું ગાવાના બદલે બાળકની શક્તિઓને મોજને મોતીની માળા માફક પરોવી આપવાનાં હોય છે.

ઉપનિષદ્ કહે છે 'આનંદો પરમો ધર્મ' તેમ અંતે જીવતા જીવ માટે વૈયક્તિક આનંદ સર્વસ્વ -સર્વજ્ઞ અને સર્વશ્રેષ્ઠ છે. તેની ઉપર પરીક્ષા જેવી ક્ષુલ્લક બાબતોને આગળ કરી એક માનવશરીરને છેક હતાશ, નિરાશ કે સમાપ્ત ન કરી શકાય. ધ્યાન રહે, પ્રકૃતિએ પ્રત્યેક દાણામાં જીવન ભર્યું છે. એ દાણો અનુકૂળ આબોહવા અને ભેજ મળતાં કોળી ઊઠે છે. પરંતુ સામાજિક કે વ્યાવસાયિક પ્રતિષ્ઠાની લ્હાયમાં બાળકરૂપી દાણાને શેકી નાખીશું તો તે પછી કોઈ વરસાદમાં તે ખીલી ઊઠશે નહીં. પ્રત્યેક વાચક કોઈ ને કોઈ સમયે કોઈ ને કોઈ પરીક્ષામાં નાપાસ થયો જ હશે. પરંતુ તમારાં મા-બાપ અને શિક્ષકોએ તમને તોડી ન પાડયાં. આથી તમે આજે સ્વસ્થ છો. બસ, આ જ વર્તન તમારી નવી પેઢી માટે અપનાવો. માનવ અસ્તિત્વ સ્વયં પરીક્ષા છે. જ્યાં શાળાકીય પરીક્ષા માત્ર એક પગથિયું છે. આથી તેને બિનજરૂરી મહત્ત્વ ન આપશો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## મેરા નંબર આયેગા!

જીવનમાં ક્યારેક મનુષ્યને એમ લાગે છે કે તેને પોતાની શ્રેષ્ઠતા પ્રદર્શિત કરવાની તક મળતી નથી. તેથી તે ક્યારેક નિરાશાની ગર્તામાં ડૂબી જાય છે; પરંતુ મનુષ્યએ ત્યારે તે સમયે નિરાશામાં ડૂબી જવા કરતાં પોતાનો અભ્યાસ, પ્રયાસો નિયમિત અને સાતત્યપૂર્ણ રીતે ચાલુ રાખવા જોઈએ અને પોતાની નિપુણતા જાળવી રાખવી જોઈએ.બની શકે કે કુદરત તેની નિપુણતા બહાર લાવવાનો કોઈ મોટો અવસર પ્રદાન કરવાના હોય! કંઈક આવું જ આપણને વેસ્ટ ઈન્ડિઝ સામેની ભારતીય ટીમની ટી-20 ક્રિકેટ મેચમાં જોવા મળ્યું, જેમાં લાંબા અંતરાલ બાદ એક ખેલાડીને તક મળી અને એ તકને ઝીલી લઈ પોતાની શ્રેષ્ઠતા સાથે એ ખેલાડીએ ભારતીય ટીમને જીત અપાવી,જે ક્રિકેટના ઈતિહાસમાં વર્ષો વર્ષ યાદ રાખવામાં આવશે ! અને તેથી જ વર્તમાનમાં જો કોઈ તક ન મળે, તો કુદરત ઉપર શ્રદ્ધા રાખી મનમાં કહેવું ,મેરા નંબર આયેગા.

**સુરત - દિપ્તી ટેલર**

## આપણી નબળાઈને ઉઘાડી ન પાડો!

ચાલશે, ભાવશે, ગમશે, દોડશે આ આપણી નબળાઈને આપ,ણે જાતે જ ઉઘાડી પાડીએ છીએ. આપણે હજી ગાંધીજી સાથે સરખામણી ન કરવી જોઈએ. એક ગાલ પર તમાચો પડ્યો અને બીજો ગાલ ધરી દવો એ આપણી ગેરસમજ છે કે પછી વિવેક બુધ્ધિનો અભાવ. ક્યારેક આપણી સમજશક્તિના અભાવે મિત્રો સ્નેહિઓ, કર્મચારીઓ આપણી નબળાઈ સમજીને ગેરલાભ ઉઠાવે છે. સમય સંજોગો સમજી અને વિચારીને વિવેક બુધ્ધિનો ઉપયોગ થશે.

**અડાજણ - અનિલ શાહ**

## રસ્તાના સિગ્નલ માટે તાત્કાલિક જરૂરિયાત

અડાજણ સર્કલ, ક્રિષ્ના હોટલ પાસે આવેલા સિગ્નલ માં તાત્કાલિક ફેરફારની જરૂર છે. ડાબી તરફ હોસ્પિટલ આવી હોવાથી એ ગલીમાં તો ગમે ત્યારે જઈ શકાય છે. પણ જમણી તરફ ની ગલીમાં જવા માટે કોઈ સિગ્નલ નથી. જ્યારે ઓવરબ્રિજ અને સીધા જવાનું સિગ્નલ ખૂલે , ત્યારે જમણી તરફ આવેલા કલાપી ગાર્ડન તરફ જવાની ગલી, પેટ્રોલ પંપ તરફ અને સ્કૂલ તરફ જવાની ગલી નાં પ્રવેશ માટે જવા માટે કોઈ સિગ્નલ જ નથી. તેથી સર્કલ પર ઉભા રહી જવું પડે કારણ કે આગળ રેડ સિગ્નલ અથવા ટ્રાફિક ચાલુ હોય છે. જ્યારે મોટા વાહનો ત્યાં ઉભા હોય ત્યારે ખરેખર ટ્રાફિક જામ થઈ જાય છે. સીધા જનાર વાહનોને પણ ખૂબ તકલીફ પડે છે. અને કદાચ સામેની ગલી માંથી આવતા હોસ્પિટલ તરફ જવાના માર્ગમાં પણ તકલીફ પડી શકે. માટે તાત્કાલિક રીતે જમણી તરફ જવાના સિગ્નલ ની વ્યવસ્થા થવી ખૂબ જ જરૂરી છે. જરૂરી પગલા માટે તાત્કાલિક વિભાગ ધ્યાન આપે તેવી આશા સાથે અને આભાર સહિત,

**સુરત - આશા દીપક દલાલ**

## તમે કેટલા સુખી છો એની તમને ખબર કેમ નથી?

ખરેખર આપણે ઈમાનદારી અને પ્રામાણિક રીતે વિચારીએ તો આપણને આપણી હેસિયત લાયકાત ઓકાત કરતા બહુ વધારે મળ્યું છે જો તમે બે ચાર મહિના સુધી ડોક્ટરની મુલાકાત ના લો તમારી તબિયત સારી રહે છે એ સૌથી મોટી ભેટ બરકત છે. કેમ કે ઉપરવાલાએ પૈસામાં નહીં તમારી તંદુરસ્તીમાં બરકત આપી દીધી. ઋતુ બદલાઈ જાય આપણા ગયા વરસે લીધેલા ગરમ કપડા કે રેઈન કોટ કે છત્રી આ વરસે પણ ચાલી જાય અને નવા લેવા ના પડે એ પણ કુદરતની બહુ મોટી ભેટ છે. કેમ કે હજુ પણ તમે ફિટ અને ફાઈન છો. તમારા ઘરે અચાનક મહેમાન આવી ચડે અને તમારા ઘરની રસોઈ પુરતી થઈ પડે અને વધારાનું ભોજન કોઈ જરૂરિયાતમંદને પણ કામમાં આવી જાય તો એ કુદરતની કમાલ છે. તમે કોઈ મોટું અગત્યનું કામ તમે જેટલા સમયમાં ધાર્યું હોય એના કરતા પણ જલ્દી આરામથી પતિ જાય એ પણ કુદરતની બહુ મોટી ભેટ છે. તમે તમારા પત્ની માતાપિતા સંતાનો સાથે આરામથી રહો છો સ્વસ્થ છો તંદુરસ્ત છો એ પણ કુદરતની બહુ મોટી ભેટ છે. યાદ રાખો તમે સુખી છો સુખ તમારી આસપાસ છે. કુદરતે તમને ડગલે ને પગલે બરકત અને આશીર્વાદ આપ્યા છે. પણ આપણે એનો અહેસાસ કરતા નથી. આપણે જે મળ્યું છે એની સામે કોઈ દિવસ જોતા જ નથી અને મને આ નથી મળ્યું પેલું નથી મળ્યું ની ખોટી ખોટી બુમો પાડીએ છે. જો તમને જે મળ્યું છે એના માટે માલિકનો આભાર માનતા રહેશો તો કુદરત તમને માંગ્યા કરતા પણ તમારી ઈચ્છા કરતા પણ વધુ ને વધુ આપશે હમેશા સંતોષી બનો તૃપ્ત થઈ જાવ સુકુન અને શાંતિનો અહેસાસ કરો તમે સુખી છો જ

**સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા**

## યુદ્ધ એ સલામતી નથી સર્વનાશની નિશાની છે

ભારતના વિદ્યાર્થીઓ ઈરાન છોડો જે માર્ગદર્શિકા જાહેર થઈ હતી. પરંતુ વિદ્યાર્થીઓ ત્યાં જ રહેવાનું કારણ પરીક્ષાનો માહોલ અને તેના પાછળ કરેલા ખર્ચ એટલે 15 થી 30 લાખ રૂપિયા છે. ડૉક્ટરનો અભ્યાસ છ વર્ષનો સમયગાળો. જે ભારત કરતાં સસ્તુ ડોક્ટરી શિક્ષણ છે. ભારતના વિદ્યાર્થીઓ માટે પહેલા યુક્રેન જવાનો ક્રેઝ વધુ હતો ત્યાં પણ ઓછી ફીમાં ડૉક્ટર બનવું સારું હતું. પરંતુ રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ થવાના કારણે ત્યાંનું વાતાવરણ ભારતીય વિદ્યાર્થીઓ માટે અયોગ્ય સાબિત થયું. ઓપરેશન ગંગા નામનું અભિયાન ચલાવી વિદ્યાર્થીઓને લઈ આવવા પડ્યા હતા. ત્યારબાદ ઈરાન જવાનો વધુ વિકલ્પ ભારતીય વિદ્યાર્થીઓએ પસંદ કર્યો. જેનું મુખ્ય કારણ સસ્તી ફી અને શિષ્યવૃત્તિ ઊંચી જેનો લાભ લઈને વિદ્યાર્થીઓ ડોક્ટર બનવાના માંગતા હોય તેમને ભણતર અને ખર્ચ બંને પોષાય તેમ હોય છે. ટૂંકમાં કાશ્મીરની ભૂગોળ અને સંસ્કૃતિ ઈરાન જેવી છે. જેના કારણે પોતીકાનું અહેસાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ ત્યાં રહેવાનું વધુ પસંદ કરે છે. બંને સંપ્રદાયનો સમય ધાર્મિક શાંતિનો છે.વિશ્વમાં હાલમાં ખ્રિસ્તી બંધુઓ ભક્તિ માર્ગ ઉપવાસ કરે છે. ઈસ્લામ બંધુઓ રોઝા કરે છે.જે પોતાના ધર્મ સંદેશ આપી વિશ્વ શાંતિ માટે કરતા હોય તે બતાવે છે.પણ આવા ધાર્મિક માહોલ સમયમાં યુદ્ધ કરવું એટલે માનવ સ્વાર્થ સાબિત થાય છે. જાતિવાદ અને ધર્મવાદનો કીડો આજે પણ વિશ્વમાં કેટલો મજબૂત છે તે સ્પષ્ટ દેખાય છે. અમેરિકા જેવા શિક્ષિત રાષ્ટ્રની બુદ્ધિ પણ યુદ્ધ તરફ હોય તો ભારતે અમેરિકાની દરેક વાત ફૂંકી ફૂંકીને સમજવી જોઈએ.જ્યારે પણ ભારત વતી કોઈ નિર્ણય કે મત લેવાનો સમય આવે તો ભારતીયો વતી આપણા વડાપ્રધાને સ્પષ્ટ કહેવું જોઈએ. ભારત પ્રથમથી જ બિન-જોડાણવાદની નીતિને અનુસરતુ છે. ભારત યુદ્ધને પ્રોત્સાહન આપતું નથી. આમ કહીને ચુપકીદી કરી લેવી જોઈએ.

**તાપી - હરીશકુમાર ચૌધરી**

## જાપાન- એક દ્રષ્ટાંત

વર્તમાન માં જ્યારે વિશ્વયુદ્ધ ના ભણકારા વાગી રહ્યા છે. દિનાંક 23 02 2026ના, ચર્ચાપત્ર માં એ રણમાં મીઠી વીરડી જેવા જાપાનના વિશે ની જાણકારીએ કામ કર્યુ. તેઓ ના લખાણનો ભાવાર્થ કંઈક એવો હતો કે, સમાજે જો સ્વમાન મેળવવુ હશે તો પોતે સૌ પ્રથમ પગ ભર થવુ પડશે. આને માટે જોઈતુ સૉફ્ટવેર એટલે કે સંસ્કાર / તાલીમ એ સરકારનુ કામ નથી. આપણે જાતે જ વિકસાવવા નુ છે. આશા છે વાત સમજ માં આવી ગઈ હશે. આ મને કેમ ધ્યાન માં આવ્યુ એનુ રહસ્ય જણાવુ તો આપણા સુરતના જ એક મિત્ર નુ દિનાંક 26 02 2026 નુ "બોલતા ચર્ચાપત્રો" છે. જે રીતે એમણે આપણા પત્રોની છણાવટ કરી છે તે જોતા મા. તંત્રીશ્રી ને નમ્ર વિનંતિ કરવાની કે એને ફરી થી અહીં છાપે. કેમ કે 1. આપણે સૌ એના પર ચર્ચા કરી શકીએ. 2. વિવિધ તંત્રીલેખ લખાય. અને બનેતો .... 3. કોઈ સારૂ લખનાર આ વિષય પર "રિસર્ચ પેપર" પણ લખે. આનુ પણ કારણ પણ એ સુરત ના ચર્ચાપત્રી એ લખ્યુ છે તેમજ, સંજોગોવશ થતી શરતચુક કે પછી સામાજીક, શારિરક, માનસિક કે આ બધા થી મહત્વ ની વાત એ કે પોતાની આર્થિક પરિસ્થિતિ. બાજી આટોપતા પહેલા જણાવીશ કે લોકશાહી ની સફળતા તેના જાગૃત નાગરિક પર આધારીત છે, અને નાગરિક ને સક્રિય કરનાર છાપુ છે. અસ્તુ.

**સુરત - ચેતન સુશીલ જોષી**